





નેતાઓ મેચમાં મલાઇ જોઇ પેસી ગયા છે,
ક્રિકેટ પર સત્તા જમાવીને બેસી ગયા છે,
સટ્ટાના મેદાને રમે મતોનું રાજકારણ -
ક્રિકેટના સંગઠ્ઠનમાં પણ ઘૂસી ગયા છે..
(BCCI પર નેતાઓનું પ્રભુત્વ)

બ્લેક કેટલા?
ભાવ નક્કી થાય તો -
ખબર પડે!!
(જમીન ના ભાવ નક્કી)

પ્રી-મોન્સૂનમાં
નેતા, ક્રિકેટરો ને
ઉડશે છાંટા..
(બધા ભીંજાવાના)




## ચિંતન

**લક્ષ્મીર્વસતી જિહ્વાગ્રે જિહ્વાગ્રે મિત્ર બાંધવાઃ ।**
**જિહ્વાગ્રે બંધનં પ્રાપ્તં જિહ્વાગ્રે મરણં ધ્રૂવં ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'લક્ષ્મી જિહ્વાગ્રે (જીભના આગળના ભાગ ઉપર) વસે છે, મિત્રો અને બંધુઓ પણ જિહ્વાગ્રે વસે છે. જેલ-બંધન પણ જિહ્વાગ્રે જ રહેલું છે અર્થાત્ મૃત્યુ પણ, આ બધું પ્રાપ્ત થવામાં મૂખ્ય કારણભૂત હોય તો 'તમારી જીભ' જ ભાગ ભજવતી હોય છે.'

જીભ મીઠી, વિવેકી, નમ્ર હોય તો નોકરી-ધંધા વેપારમાં ઉન્નતિ થઇ શકે બાકી બધાની સાથે 'કડછો' વહેવાર કરો તો કોઇ સામે પણ ન જુએ!

મિત્રો અને બંધુઓ સાથે પણ મીઠો સદ્‌ભાવ ભર્યો વહેવાર રાખો તો મૈત્રી ટકે - ભાઇઓ સાથે પણ વ્યવહાર-સંબંધો સારા રહે.

જીભ ખરાબ હોય કજીયા-કંકાસ કરનારી હોય તડને ફડ કરનારી હોય પદ-સ્થાન-સત્તા જોયા વિના બધાને 'એક લાકડી'એ ઠોકંઠોક કરતી હોય એવી વ્યક્તિ કોર્ટ-કબાલા અને જેલ-બંધન સુધી જીભ લઇ જતી હોય છે.

ઉગ્ર-બોલાચાલી-મારામારી અને જીભ પર સંયમ ન રાખનાર વ્યક્તિને જીભ મરણ સુધી પણ પહોંચાડી દેતી હોય છે. ટૂંકમાં પતન અને ઉન્નતિનું કારણ માત્રને માત્ર આપણી 'જીભ' છે.

## સુવિચાર

- નિષ્ફળતા, હતાશા, નિરાશા માટે દોષ દેવા જો સૌથી વધઉ હાથવગું સાધન હોય તો એ નસીબ છે **- મુનિ ભાનુચંદ્ર સુરીશ્વરજી**
- દુર્ભાગ્ય હંમેશા એને જ નડે છે જે પોતાની જાતને તેના માટે સાચવી રાખે છે **- ઇરાની કહેવત**
- જે ગાંઠ છુટી શકે તેવી હોય તેને કાપવી નહી **- પાંડુરંગ આઠવલે**
- આપણે આપણી આસપાસના તમામના મન અને મગજ પર આપણો કાબૂ અને કબજો ઇચ્છીએ છીએ જે પણ એક મોટું પાપ જ છે **- મનુભાઇ પંચોલી**
- માફ કરી તો જુઓ, એના જેવી કોઈ ઉદારતા નથી માણસ દાનવીર થઇ શકે છે પણ માફવીર નથી શકતો **- પોપ જ્હોનપોલ**
- તમારામાં બદલો લેવાની તાકાત હોય અને છતાંય તમે કોઇને માફ કરી દો, તો તમે ભગવાનને ગમતા માણસ છો **- એસ. ભટાચાર્ય**

## બોધ કથા

સ્ત્રી, મિત્ર કે માણસની પરખ કપરા સમયે તેના વર્તન પરથી થાય છે, આમ તો તમે સારા અને અમે સારાની જેમ સામાન્ય વ્યવહાર ચાલતા હોય જ છે.

એક ન્યાય પ્રિય-પ્રજા વત્સલ રાજાએ પોતાના પુત્ર રાજકુમારને એક તપોવન આશ્રમમાં શિક્ષણ માટે મોકલ્યાં ત્યાં શાસ્ત્રજ્ઞાન સાથે તલવારબાજી, અશ્વવિદ્યા અને યુદ્ધ વિદ્યા પણ શીખવવામાં આવતાં હતા. આ આશ્રમ નાનાં-મોટાં તમામ રજવાડાં અને જાગીરદારોના પુત્રો પણ તાલીમ માટે આવતા હતા.

રાજકુમાર તુંડમિજાજી અને અભિમાની હતો પ્રવેશ પછી જોયું કે અહીં તો સામાન્ય કુમારો પણ અભ્યાસ કરે છે તેથી એક સપ્તાહમાં ઘેર પાછો આવી ગયો. કહ્યું - હું આવા સામાન્ય લોકો સાથે રહીને ભણીશ નહીં...

રાજાએ સાંજે નદી કિનારે જશું ત્યારે ચર્ચા કરશું - રાજાએ પાઘડીમાં આગળ 'મણિ' લટકાવ્યો હતો. સાંજે નદી કાંઠે ફરતાં મણિ નદીના છીછરાં પાણીમાં પડી ગયો. અંધારૂં થયું મણિ હાથ આવ્યો નહીં. નદી કાંકરા પથ્થરવાળી હતી. રાજાએ પુત્રને કહ્યું આ મારી પાઘડી પાથરી એમાં અહીં જયાં મણિ પડ્યો ત્યાંથી કાંકરા એકઠા કરી પથ્થરા ભરી લઇએ - સવારે અજવાળું થશે એટલે એમાંથી 'મણિ' શોધી લઇશું..

સવારે મણિ મળી જતાં રાજાએ પુત્રને કહ્યું રાત્રે આપણને બધા કાંકરા જ દેખાતા હતા. 'સમય' આવ્યો ત્યારે મણિ ઝળકી ઉઠ્યો તેમ બધા સામાન્ય દેખાતા કુમારોમાંથી પણ 'સમય' આવે સાચાની પરખ થાય છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# આપણું ગાંધીનગર ડેપો જીવનનાં અમૂલ્ય પાઠ શીખવે છે - જે ધીરજ સંયમની જે વાતો નૈતિકતાનાં પુસ્તકો શિક્ષકો કે સંતો ન શીખવી શક્યા તેને એક બસ શીખવી જાય છે...!! બસ, વાચક મિત્રો હવે રોઈ ના પડતા... પ્લીઝ - ડેપો કસમ!!

## બસ! બહોત હુઆ
### - ધ કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

સોમવારની સવાર અને ઘડિયાળનાં કાંટા વચ્ચેનાં સંબંધો અનાદિકાળથી વણસેલા છે. સવારનાં સાડા છનું અલાર્મ કાનમાં ચૌદ-ચૌદ સદીઓની ગાળ દેતું હોય એવું વાગે અને પછીનું જીવન ખરેખર ચક્રની જેમ ચાલે. એક તાર પર જ સરગમ છેડાઇ જાય - બેગપેક - ટીફિન પેક - આખો દિવસ ચાલી જાય એટલા પૈસા પાકીટમાં ગોઠવી - બાઇકની કીક વાગે - અને બેટમેન કે સુપરમેન જેવા અતિમાનવોની ફિલિંગ છાતીમાં કેન્દ્રથી આંગળીઓનાં નખ સુધી ફેલાઇ જાય. કેટલાંક યોદ્ધા - પરાક્રમી બાઇક ચાલકો પિક્ચરો કે વાર્તાઓમાં આવતાં ખેડૂતોની જેમ ગમે - તે સીનમાં પરસેવાથી લથબથ તે મહેનતકશ જ લાગે ને કેટલાંક વીરો માનવીય અભિગમ અને આર્થિક તર્ક સાથે મુખ્ય ડેપો કે બસ સ્ટેન્ડની આસપાસ બાઇક પાર્ક કરીને ગુજરાત રાજ્ય પરિવહન નિગમની અલૌકિક (પૃથ્વી - લોકની ન હોય તેવી) બસોમાં મુસાફરી કરવાનું જોખમ ખેડે છે.

અમને લાગે છે કે તમામ ગુજરાતી ચિંતકો બસોમાં જ પેદા થયા હશે. બસની બારીએ "ફિલોસોફર વિન્ડો" છે અને લંબચોરસ બસમાં એક એક ખૂણામાં ડબ્બામાં ગોઠવાતી લખોટીઓની જેમ ગોઠવાઇ ગયેલી ભીડની ગરમી અને દબાણ પેટ્રોલિયમ જેવા કિંમતી ને હીરાની જેવું કઠણ સૌંદર્ય ધરાવતા ચિંતક પેદા કરી નાખે છે...

...બોલો ગુજરાત એસ.ટી.ની જય!!

આપણું ગાંધીનગર ડેપો અદ્‌ભૂત સ્થળ છે - એકદમ જાદુઇ - ત્યાંનાં કંડકટર - ડ્રાઇવર - અધિકારી - કર્મચારી એકદમ જાદુગર જેવા છે - બસનો સમય કહેવાની એમની લાક્ષણિક અદાઓ - બસનાં આગમન અને નિર્ગમન વિશેનાં તેમનાં દાવાઓ - એવું લાગે - જાણે આપણે "નિર્વાણ" સોરી "મહાપરિનિર્વાણ" કે "મોક્ષ" પામીને સ્વર્ગમાં જવાની લાઇનમાં છેલ્લેથી ચોથા નંબરે ઊભા છીએ. સવા નવની બસનો ટાઇમ પતંગિયાને તમરાની જેમ ઉડતા કોઇ સરકારી માણસને સાડા નવે પૂછીએ તો પણ જવાબ મળે, "બસ, પોણા દસે આવી જશે..." ... અને બેકગ્રાઉન્ડમાં આપણને કોઇ ભજનનું સંગીત સંભળાવા લાગે... જિંદગીની ફિલોસોફીનાં ઇતિ ક્લિયર પ્રશ્નો આ સરકારી માણસનાં જવાબમાં ઉકેલાતાં હોય એવું લાગ્યા કરે. આટલાં સમયગાળામાં હજારો દુઃખી, નિરાશ - ડેપોનાં પ્રવેશદ્વાર તરફ નજર માંડીન બેઠેલાં - બીજા દિવસનાં છાપામાં "રઝળેલા મુસાફર" તરીકે છપાનારા - લોકો બસની પ્રતીક્ષા કરતાં કરતાં - અસંબદ્ધ મંત્રોચ્ચાર કરતા રહે છે.



... અને થોડીવાર પછી બે મોટી ચોરસ આંખોવાળી ખંધુ હસતી હોય એવી - બી ગ્રેડ ફિલ્મમાં વિલન જેવી એક બસ ઇન્ટરવલ પછીનાં પહેલાં જ સીનમાં આવતી હોય એવી રીતે પ્રવેશે છે અને પેલી હજારો નિરાશ આંખોમાં ચમક ભરી દે છે - આતુર - આંખો - થનગનતાં પગલાં - બસ તરફ દોડી જાય છે. કાચમાંથી દેખાતાં અજાણી ભાષામાં બોર્ડમાં જે જગ્યાનું નામ લખ્યું છે. તેના સિવાય બસ બધે જ જશે એવો એક સિદ્ધાંત હાલ નોબેલ પ્રાઇઝની પ્રતીક્ષામાં બેઠો છે. આદતવશ પૂછાઇ જાય છે - બારીમાંથી દેખાતા હંમેશા પૈસા ગણતા કે ટીકીટનું મશીન જોતાં કંડકટરને કે, "અહીંયા જશે?" ને પેલો એની શાશ્વત મુદ્રામાં જવાબ આપે છે, "ના, એ બસ પાછળ આવે છે." ને એવું લાગે કે કોઇએ ધક્કો મારીને બસ્સો વરસ પાછળ ફેંકી દીધો હોય. પણ એસ.ટી. વિશ્વાસ પર ચાલે છે - એ તો શ્વાસ છે સાહેબ આવાં ફિલોસોફિકલ રિએકશન શરૂ થાય ને ત્યાં લગભગ કોઇ દોઢસો વરસ જૂની - ખોદકામમાં મળી આવી હોય એવી કોઇ બસ ખાંસતી ખાંસતી આવે - જૂના પિક્ચરોમાં ડોકટરો પાસે ગયા પછી શ્વાસની બિમારીનું પ્રિસ્ક્રીપ્શન કોટમાં સંતાડીને ઘરે આવતાં બુઢ્ઢાની જેમ આ બસ પણ આખરે તમારા શ્રી ચરણો આગળ આવીને નતમસ્તક ઊભી રહે - આ એ જ બસ છે જેમાં ચડવાનું છે - તે એનો ડ્રાઇવર પૌરાણિક કથાઓનાં સારથીઓની જેમ આપણી સામે જોતો હોય તેવો લાગે. બસમાં ચડતાં જ વળી પાછો સમય પોણા ત્રણસો વરસ પાછળ ફેંકાઇ ગયાની જેમ પસાર થઇ જાય. તમે લીલા રંગની કાટ ખાધેલી કે કોઇ મ્યુઝિયમમાં ભંગારમાંથી ઉપાડેલી સીટ પર બેસી જાઓ અને જાંબલી રંગની બારીમાંથી આવતાં સૂર્યપ્રકાશ સામે જોઇને ટાઇમપાસ કરવા લાગો. ધીરે ધીરે આ બસ સમદુખિયા ટમટમેલા હમસફરો ભરાઇ જાય અને પછી શરૂ થાય જીવનની યાત્રા...

બસ ચાલવા લાગે - ને કંડકટર વિડિયોગેમનાં કોઇ પ્લેયર કે કેરેકટરની જેમ ભીડને કાપતો કાપતો તમારી પાસે આવી પહોંચે ને રોજ જતાં હોઇએ તો પૂછશે, 'પાસ?' અને આપણે "હા" પાડીએ તો એને જાણે વધુ શંકા જતી હોય એમ એ ફરી પૂછશે - "પાસ?" અને એની આગળ ધરીએ તો એ સેકંડનાં આડત્રીસમાં ભાગમાં સ્કેન કરી પાછો આપી દેશે...

બસ આગળ ચાલવા લાગે છે - બસની અંદરનો સમય બહારની સાપેક્ષે સાવ જ ધીમો પડી જાય છે. (આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદ મુજબ કોઇ પદાર્થ "પ્રકાશની ગતિથી" સફર કરે તો તેના માટે સમય ધીમો પડવા લાગે છે) અને આપણને "પ્રકાશની ગતિ"નાં ભ્રમમાં જ મજા પડી જાય છે.

બિચારી બસ... જીવનમાં અંતિમ દિવસોમાં કોઇ કર્તવ્ય નિષ્ઠ ટપાલીની જેમ, જે એડ્રેસ હોય ત્યાં જ ટપાલ નાખવાનાં નિયમનું પાલન કરતી રહે છે. ગુજરાત પરિવહન નિગમની બસ - આપણું ગાંધીનગર ડેપો જીવનનાં અમૂલ્ય પાઠ શીખવે છે - જે ધીરજ સંયમની જે વાતો નૈતિકતાનાં પુસ્તકો શિક્ષકો કે સંતો ન શીખવી શક્યા તેને એક બસ શીખવી જાય છે...!! બસ, વાચક મિત્રો હવે રોઇ ના પડતા... પ્લીઝ - ડેપો કસમ!!

હવે... આ જ બસ જો પાંચ મિનિટ પહેલાં પહોંચે તો કેવો સ્વર્ણયુગ આવે તેની વાત આગલા હફ્તે... ત્યાં સુધી "સલામત સવારી... ઓ પછી શું હતું...??"

ચલો - આવજો.

- ch9723367947@yahoo.com

# ગુજરાતનું સૌથી જૂનું હયાત નગર કયું છે?


### ● વિષય : ભૌગોલિક ગુજરાત

(૧) પારનેરા ડુંગર કયા જિલ્લામાં આવેલ છે?
(અ) જામનગર (બ) જૂનાગઢ (ક) પોરબંદર (ડ) વલસાડ
(૨) આજવા તળાવ કયા જિલ્લામાં આવેલું છે?
(અ) સુરેન્દ્રનગર (બ) વડોદરા (ક) મહેસાણા (ડ) જૂનાગઢ
(૩) ગુજરાતનું સૌથી જૂનું હયાત નગર કયું છે?
(અ) વડનગર (બ) જૂનાગઢ (ક) પાટણ (ડ) સિદ્ધપુર
(૪) કામરેજ તીર્થસ્થળ કયા જિલ્લામાં આવેલું છે.
(અ) વડોદરા (બ) સુરત (ક) સુરેન્દ્રનગર (ડ) મહેસાણા
(૫) ગુજરાત રાજયની સ્થાપના કયા દિવસે થઈ હતી?
(અ) ૧ મે ૧૯૬૦ (બ) ૧ મે ૧૯૬૧
(ક) ૧૦ મે ૧૯૬૦ (ડ) ૧૦મે ૧૯૬૧
(૬) હાલી કયા લોકોનું નૃત્ય છે?
(અ) તડવી આદિવાસીઓ (બ) સુરત જિલ્લામા દુબળા આદિવાસીઓનું
(ક) વાવ તાલુકાના ઠાકોરનું (ડ) ચોરવાડની ખારવડ બહેનોનું
(૭) ગુજરાતને કેટલા અખાત પ્રાપ્ત થયા છે?
(અ) ૧ (બ) ૨ (ક) ૩ (ડ) ૪
(૮) ભાવનગર જામફળ માટે, વલસાડ ચીકુ માટે અને સુરત ... માટે જાણીતાં છે?
(અ) સીતાફળ (બ) કેળા (ક) સફરજન (ડ) દ્રાક્ષ
(૯) ગુજરાતનો રેલમાર્ગ ભારતીય રેલવેનાં કયા વિભાગ (ઝોન)માં છે?
(અ) પશ્ચિમ વિભાગ (બ) પૂર્વ વિભાગ
(ક) દક્ષિણ મધ્ય ઝોન (ડ) દક્ષિણ પૂર્વ ઝોન
(૧૦) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી મુખ્ય મથક કયું છે?
(અ) હિંમતનગર (બ) પાટણ (ક) મહેસાણા (ડ) મોડાસા
(૧૧) કયા બે જિલ્લાઓમાં પારસીઓની વસ્તી વધુ છે?
(અ) અમદાવાદ-ખેડા (બ) સુરત વલસાડ
(ક) સુરત-ભરૂચ (ડ) ભરૂચ-વડોદરા
(૧૨) કયું બંદર 'મુક્ત વ્યાપાર વિસ્તાર' ધરાવે છે?
(અ) મગદલ્લા (બ) વેરાવળ (ક) કંડલા (ડ) જામગનર
(૧૩) અંબાજી કયા તાલુકામાં આવેલું છે?
(અ) દાંતા (બ) ખેડબ્રહ્મા (ક) ઈડર (ડ) મહેસાણા
(૧૪) ગુજરાતનું સૌથી મોટું રેલ્વે સ્ટેશન કયા શહેરમાં છે
(અ) અમદાવાદ (બ) સુરત (ક) રાજકોટ (ડ) ભરૂચ
(૧૫) સૌરાષ્ટ્રની દક્ષિણે કયો દ્વીપ આવેલો છે?
(અ) દમણ (બ) દીવ (ક) પીરોટન (ડ) ખાવડા

### ● વિવિધા ●

વિષય :- ખોરાક અને પોષક ઘટકો

ઘટકનું નામ : ખોરાકની વાનગી
● કાર્બોદિત પદાર્થો : ભાત, ઈડલી, રોટલી, પુરી, બટાટા, ગોળ, મધ, ખાંડ, બ્રેડ, રોટલા, થૂલી, ખીચું
● પ્રોટીન નત્રલ પદાર્થ : દાળ, કઢી, કઠોળ, પનીર, દૂધ, દહીં, ઈંડા, માછલી,
● ખનીજ દ્રવ્યો : (અ) કેલ્શિયમ - દૂધ, લીલા શાકભાજી, બાજરી, જુવાર
(બ) લોહતત્વ - ભાજીપાલો, કોબીજ, ગોળ, માંસ
(ક) ફોસ્ફરસ - દૂધ, કેળાં, લીલા પાંદડાવાળા શાકભાજી.
(ડ) સલ્ફર - લીલા પાંદડાવાળા શાકભાજી, ઈંડાની જરદી, કઠોળ
(ઈ) આયોડિન : દરિયાઈ ખોરાક, માછલી, આયોડિનવાળુ મીઠું, લીલા શાકભાજી, ક્ષારયુક્ત પાણી




### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - આઈપીએલમાં શ્રીસંત કઈ ટીમના ખેલાડી તરીકે રમી રહ્યો હતો?
જવાબ - રાજસ્થાન રોયલ્સ

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) ગોમતીબેન કનુભાઈ પરમાર : સે-૨ડી
(૪) કલાસુવા વિશ્વકુમારી હરિદેવ : સે-૨૦
(૫) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૬) આકાશ જી. પટેલ : સે-૨૩
(૭) ગૌરાંગ ડી. પટેલ : સે-૨૯

### ● પૂછું એક સવાલ...?

(૧) ધવલ ડી. પટેલ : સે-૪થી
પ્રશ્ન - વિશ્વનો કયો પ્રદેશ હજારો સરોવરોની ભૂમિ કહેવાય છે? જવાબ - ફિનલેન્ડ
(૨) સોની પંક્તિ એચ. સે-૨૦થી
પ્રશ્ન - વિશ્વમાં કયા શહેરની ભૂગર્ભ રેલ્વે જાણીતી છે?
જવાબ - લંડન
(૩) દરજી જિગર સી. : સે-૨૪થી
પ્રશ્ન - તિરૂવનંતપુરમનું જૂનું નામ શું હતું? જવાબ - ત્રિવેન્દ્રમ્
(૪) પંચાલ વનિતા. એ : સે-૨૩થી
પ્રશ્ન - ઉદવાડા કયા ધર્મના લોકોનું પવિત્ર સ્થળ છે?
જવાબ - પારસી
(૫) પટેલ ધાર્મિક એસ. સે-૨૦થી
પ્રશ્ન - ભારત કેટલા રેખાંશ વચ્ચે આવેલો છે?
જવાબ - ૮°. ૪' ઉત્તર અને ૩૭°. ૬' ઉત્તર અક્ષાંસ વચ્ચે

### ● આ સપ્તાહનો સવાલ...?

**ભા.જ.પ. અને સાથી પક્ષોનાં જૂથ (એન.ડી.એ) ના પ્રમુખ કોણ છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

### ● સાચા જવાબો :-

(૧) ડ (૨) બ (૩) અ (૪) બ (૫) અ (૬) બ (૭) બ (૮) બ (૯) અ
(૧૦) બ (૧૧) બ (૧૨) ક (૧૩) અ (૧૪) અ (૧૫) બ

# ઘરમાંનો અગ્નિ સ્મશાને લઇ નથી જવાતો, તે માટે આંગણામાં અલગ અગ્નિ સ્થાપન થાય છે, તેને માટીના પાત્રમાં રાખી સગોત્ર યુવાનને તે લઇ શબ આગળ ચાલવા જણાવાય છે, અગ્નિ તથા શબ - આ બે વચ્ચે કોઇએ આવવું - જવું નહિ

## સંસ્કાર ચિંતન
- અનંત ન. વ્યાસ

હિન્દુ સમાજમાં આ અંતિમ શ્રેષ્ઠ સંસ્કાર છે. જે માત્ર હિંદુ - ઉચ્ચ જ્ઞાતિમાં કરવામાં આવે છે. સમાજની કેટલીક જ્ઞાતિઓમાં દફનવિધિ થાય છે. તેમાં પણ કેટલીક પરંપરા સમાન છે. મોટા ભાગે તો આ સંસ્કાર કૌટુંબિક પરંપરા તથા પ્રચલિત રૂઢિ સાથે કરાય છે. પૂર્ણ શાસ્ત્રીય રીતે ભાગ્યે જ જોવામાં આવે, કમનસીબે આ માટે યોગ્ય જાણકારીનો અભાવ છે, આપણા જે લોકો કર્મકાંડ કરે છે. તે પણ 'અપસવ્ય' કર્મ કરાવવા તૈયાર હોતા નથી. પરિણામે દેહોત્સર્ગ વખતે જે કંઇ શાસ્ત્ર - વચન બોલવા જોઇએ તે બોલાતા નથી. પિંડ શા માટે - કેટલા - કયાં મુકવાના - ઇત્યાદિ પ્રશ્નો ઊભા થાય છે. જાણકારીના અભાવે પછી ગમે તેમ ગાડું ગબડાવાય છે. દેહોત્સર્ગ થાય. ત્યાંથી લઇ દેહ - ચિતા પર ભસ્મ થાય તેટલા સમયનાં દરેક પગલાં માટે મંત્રો છે. જે હવે નીચે પ્રમાણે જોઇશું.

આ સંસ્કારનું ઉદ્‌ગમ સ્થાન ઋગ્વેદ છે. યજુર્વેદમાં દેહને અગ્નિને સોંપવાનું જણાવાયું છે. ચિતાના અગ્નિને ક્રવ્યાદ - અગ્નિ (અગ્નિને અપવિત્ર મનાય છે) કહેવામાં આવે છે. અગ્નિ જ એ સમયે સમાજનો સાચો મિત્ર હતો. ગૃહસ્થના ઘરોમાં પંચ યજ્ઞ નિત્ય થતા. અગ્નિને નિત્ય આહુતિ અપાતી. નિત્ય આહુતિ આપનારનો દેહ પણ તે જ ભાવનાથી ચિતા પર મુકાય છે. જે નિત્ય 'ઘી'ની આહુતિ આપતો હવે તેના દેહની આહુતિ અપાય છે. આ તેની છેલ્લી આહુતિ છે. આ માટે તે પૂર્ણાહુતિ કહેવાય છે. પૂર્ણાહૂતિ શબ્દ પ્રસંગ પુરો થયો તેવા જ અર્થમાં પ્રયોજાય છે. માનવ - દેહનો પ્રસંગ પણ આ આહુતિ સાથે પુરો થાય છે. દેહ ભસ્મ થતા જે કંઇ ભૌતિક સંબંધો છે તે પુરા થાય છે.

**વિધિ ક્રિયા**

જયાં સુધી કંઠમાં પ્રાણ હોય છે. ત્યાં સુધી આત્મા દુઃખનો અનુભવ કરે છે. પ્રાણોત્સર્ગને પ્રલય સાથે સરખાવવામાં આવેલ છે. તે સમયે પ્રાણ તમામ ઇન્દ્રિયોમાંથી નીકળી એક જગ્યાએ એકત્રિત થાય છે. લોકિક - ભાયાં "પગના દેવતા ગયા" એવા શબ્દો વૃદ્ધો કહે છે. એકત્રિત પ્રાણ શરીર છોડવા પ્રયાસ કરે છે. ત્યારે વ્યક્તિને શ્વાસની ઘડઘડાટી બોલે છે. ઘડીભર ચેતના જતી રહે તેમ લાગે છે. અનુભવી તુરત કહે છે. ઊભો શ્વાસ છે. હવે પલંગ પર - પથારી પર ન રખાય. નીચે લઇ લો...

ગાયના છાણની ભૂમિ લિંપી પવિત્ર કરવામાં આવે છે. તેના પર જવ - તલ તથા દર્ભ અને ગંગાજળ જો હોય તો છંટાય - પછી મૃતકનું મસ્તક ઉત્તર દિશામાં રહે તેમ સુવરાવાય છે. તેન જમણા કાનમાં ૐ - રામ ઇત્યાદિ શબ્દનો ઉચ્ચાર કરવો. ઘણા લોકો આ સમયે "ઓ... માડી... ની પ્રાણપોક મુકે છે. પ્રાણપોક એ જનારા જીવને દુઃખદ લાગે છે. તે માટે ઇષ્ટ દેવનું નામ લેવું. હવે આ દેહ સાથેનો સંબંધ પુરો થયો તેમ સ્વીકારી લેવું."

જેણે જેષ્ઠ અથવા કનિષ્ઠ પુત્ર... જેણે કરિયા - કરમ કરવાના હોય તેણે તે વખતે ક્ષૌર - કર્મનો સંકલ્પ કરવો. સ્નાન કરી શુદ્ધ સફેદ વસ્ત્ર ધારણ કરવું. પુત્રએ મૃતકના દેહને પવિત્ર જળથી સ્નાન કરાવવું. ઘણી જ્ઞાતિમાં આ ક્રિયા થતી નથી. પરંતુ અશુદ્ધિ - દેહને ચિતા પર ન મુકવો. દેહ પર ગોપી-ચંદન કે શુદ્ધ માટીને લેપ કરવો... જેનો મતલબ "માટી - અંતે માટીમાં મળી જાય છે" તેવો છે ફૂલ-ચંદન થી દેહની પૂજા કરવી. દિપ પ્રગટાવવો તથા અગરબત્તી કરવી... આ દિપ ઓછામાં ઓછો એક દિવસ શરૂ રાખવો. સફેદ વસ્ત્ર વડે પૂર્ણ દેહ ઢાંકી દેવો. ગરૂડ પુરાણમાં "ચોકો" (મંડલ) કરવાના ત્રણ મંત્રો છે.

p(m,m) PA/PB = K/1 (બંને માટે સમાન છે K મળે) ક્ષૌર - કર્મ શા માટે કરવું તો કહેવાયું છે કે -

"યાનિ - કાનિ ચ પાયાની બ્રહ્મ - હત્યા સમાનિ ચ
કેશનાશ્રિત્ય તિષ્ઠથિ તસ્માત કે શાન્વપામ્યહમ્"

ક્રિયા કરનારે ત્યારબાદ દેહના જમણાં પડખે દક્ષિણાભિમુખે બેસી સંકલ્પો કરવાના હોય છે. પ્રથમ શબના જમણી બાજુ પાણી છાંટી પવિત્ર ભૂમિ પર દર્ભ મુકી તેના પર નીચેનો મંત્ર ભણી લોટનો પિંડ મુકવો. 'અમુક ગોત્રસ્ય - અમુક પ્રેત ઉત્ક્રાન્તો શવનિમિત્તં એષ પિંડો મદત્તસ્તવોપતિષ્ઠતામ્'

પિંડ પર આથમની પી પાણી છાંટવું. ત્યાર પછી એ પિંડ અલગ પાત્રમાં મુકી સ્મશાને લઇ જવો. કેટલીક જ્ઞાતિમાં આ પિંડને મૃતક સાથે પાલખીમાં તેના પડખામાં મુકાય છે. મૃતકની પાલખી તૈયાર થાય તે પહેલાં મુખ-દર્શન પ્રદક્ષિણા આદિ રિવાજ પ્રમાણે કરવામાં આવે છે. ઘરનાં દરવાજા આગળ પાન્ચ નિમિત્તે એક પિંડ મુકવાનાં હોય છે તેને પણ અગાઉનાં પિંડ સાથે મુકી લઇ જવો.

ઘરમાંનો અગ્નિ સ્મશાને લઇ નથી જવાતો. તે માટે આંગણામાં અલગ અગ્નિ સ્થાપન થાય છે. તેને માટીના પાત્રમાં રાખી સગોત્ર યુવાનને તે લઇ શબ આગળ ચાલવા જણાવાય છે. અગ્નિ તથા શબ - આ બે વચ્ચે કોઇએ આવવું - જવું નહિ. રસ્તામાં જયાં ચાર રસ્તા ભેગા થતા હોય ત્યાં પિંડ મુકવો... ને સાથે લેવો શબ ઉપાડવા માટે તૈયાર થનારને સ્નાન કરવું. જોડા ન પહેરવા ઇસ્લામની જેમ રસ્તે ચાલનાર માણસ ગમે તેવા વસ્ત્રોથી શબને કાંધ આપે તેવો આપણે રિવાજ નથી. અશુદ્ધ વસ્ત્ર પહેર્યા હોય. તો શબને ન અડવું.

સ્મશાન - યાત્રા સમયે યમસૂક્ત નો પાઠ કરાય છે. જે ન આવડે તો ઇષ્ટ દેવનું નામ લેવું. ચોથા પિંડ પછી ચોતરા કે વિશ્રામ આવે ત્યાં શબની દિશા બદલવી. પગ આગળ રખાય છે. સ્મશાન ભૂમિ જયાં દાહ આપવાનો છે. તે સ્થળ જળ છાંટી પવિત્ર કરવું. તે સ્થળ માટે ભૂમિમાતાની પ્રાર્થના કરવી. **(ક્રમશઃ)**